# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

## CDO PRAKASH SAMIKSHA

Since 1925...

FORTNIGHTLY

સળંગ વર્ષ ૯૪મું

VOLUME : 21 • ISSUE : 17 • PAGES : 36 • MUMBAI • DATE : 5TH APRIL 2019 • YEARLY SUBSCRIPTION RS. 50/-

Visit us at : www.prakashsamiksha.com • Email : kdoprakash@gmail.com


**શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધ્યે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત**



# શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત



# શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધ્યે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત



## શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત



# શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધ્યે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત




















## શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત



**આદ્યતંત્રીઓ**

''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
હિરાચંદ દામજી દંડ
**: તંત્રી મંડળ :**
કેશરસિંહ આણંદજી ખોના
ઉદયન લાલજી લોડાયા
મુકેશ ભવાનજી લોડાયા

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**
પ્રમુખ : હીરાચંદ દામજી દંડ
માનદ્‌મંત્રી : ઉદયન લાલજી લોડાયા
કોષાધ્યક્ષ : કિરીટ ખેતસી મુનવર
**અન્ય ટ્રસ્ટીઓ**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
પંકજ પ્રતાપ શાહ
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા
મુકેશ ભવાનજી લોડાયા
**અન્વેષક**
CA મણિકાંત વસનજી નાગડા

**અંક નં. ૧૭**
**Date : 05-04-2019**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. CHINTAN GRAPHICS**
Dr. Babasaheb Ambedkar Chowk,
90ft Garage Lane,
Opp. Shastri Nagar, Pant Nagar,
Ghatkopar (E), Mumbai - 400075.
E-mail : kdoprakash@gmail.com

સમય : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**: જાહેરાત સંપર્ક :**
મુકેશ ભવાનજી લોડાયા
**022-2508 4463 / 64 / 65**
**Mob.: 98211 54326**

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com

**તંત્રી સ્થાનેથી**

## સર્વે વાચકમિત્રોને વસંતના વધામણા,
## ગુડીપડવાની હાર્દિક શુભકામનાઓ...

એકવીસમી સદીની સંવાદની સુવિધાઓએ વિશ્વને એકબીજાથી નિકટ લાવી દીધું છે. સમાચારો અને માહિતી થોડીજ સેકંડોમાં આખા જગતમાં પહોંચી જાય છે. ચાલો આપણા પોતાના વિકાસ માટે, પોતાના તથા પરિવારના ઉત્કર્ષ માટે, તંત્રજ્ઞાનનો લાભ લઈ જ્ઞાતિ, દેશ અને વિશ્વ સાથે વોટ્સએપ, ફેસબુક જેવા માધ્યમોથી જોડાયેલા રહીએ. બે જૂના મિત્રો, પરિવારના સભ્યો ફેસબુક જેવા માધ્યમોથી મળી ગયા એવી વાતો અનેકવાર આપણા કાને પડે છે.

છેલ્લા કેટલાંક અઠવાડિયાથી બેંગ્લોરના આપણી જ્ઞાતિના આગેવાન મને બેંગ્લોર મહાજન તથા સમસ્ત મહાજનના કાર્યો અંગે મેસેજ મોકલી રહ્યા છે. તેઓએ બેંગ્લોર મહાજનમાં અનેક પદો ઉપર સેવા આપી છે એટલે તેમને અતરંગ વાતો ખબર હશે. મેં તેમને કહ્યું કે તમે આ વિગતો મને ઈમેઈલ ઉપર મોકલો એટલે એને વાંચી-સમજીને હું પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત કરીશ. દુર્ભાગ્યવશ તે સદ્‌ગૃહસ્થે આ બાબતો લખી મોકલવા જેટલી હિમત નથી દાખવી.

દરેક જ્ઞાતિજનને મારી વિનંતી છે કે જે બાબત તમે લખીને ન મોકલી શકો એવી બાબતો અંગેના સંદેશાઓ વોટ્સએપ ઉપર ના મોકલો. જે બાબતો અંગે તમને પુરી જાણકારી નથી, જે બાબતને ખુલ્લી રીતે ઉઠાવવાની હિમત નથી, તે બાબતને ફક્ત અફવા રૂપે ફેલાવવા ટેક્નોલોજીને ઉપયોગ ન કરો.

હાલમાં અનેક વ્યક્તિઓ બીજી વ્યક્તિઓ માટે, તેમની કાર્યપદ્ધતિ અંગે વોટ્સએપમાં મેસેજીસ ફોરવર્ડ કરે છે અને નીચે નોંધ મૂકે છે ''ફોરવાર્ડ એઝ રીસીવ્ડ''. જે બાબત વિશે તમે દઢતાપૂર્વક કહી શકો એમ હો તો જરૂર આગળ આવો, હિંમત દાખવો, તમારો આત્મવિશ્વાસ બતાવો. પ્રકલ્પોની કે કાર્યપદ્ધતિની ટીકા કરવી એ ખોટી વાત નથી, પરંતુ જાતને છુપાવીને એમ કરવું ન જોઈએ. આપણી અંદરની નકારાત્મકતા દૂર કરીને જ્ઞાતિ માટે કાર્ય કરતા વ્યક્તિઓને રોકવા ન જોઈએ.

હજુ પણ કોઈએ પોતાના વિચારો જણાવવા હોય તો મારા નીચે આપેલા ઈમેઈલ ઉપર વિના સંકોચે લખીને મોકલી આપવા. હું ખાત્રી આપું છું કે એ ફક્ત મારા સુધી જ રહેશે અને એમાંથી યોગ્ય જણાશે તો પ્રકાશિત પણ કરીશ.

આવો આપણે હકારાત્મક વિચારો કરી સકારાત્મક અને રચનાત્મક કાર્યોને આગળ ધપાવીએ.

લોકસભાની ચુંટણી આવી ગઈ છે એટલે સર્વે વાચકોને વિનંતી છે કે પોતાના મતદાનના બંધારણીય હક્કનો ઉપયોગ કરી પોતાને ગમતા ઉમેદવારને મત આપી મતદાતા તરીકેની ફરજ અવશ્ય બજાવે. મતદાન ન કરીને પછી વ્યવસ્થા અંગે કાગારોળ મચાવવી ખોટી વાત છે. મત આપવો એ ભારતીય નાગરિક તરીકે આપણી પવિત્ર ફરજ છે.

**- હિરાચંદ દામજી દંડ**

hirachanddand@gmail.com, Mob.: 7738508150

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઇત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી**

**કલર પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

**બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત**

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359011
You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરૂં સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of
**"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક
Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## બીપીનભાઈની ભાવના




શ્રીમાન બીપીન પાશ્વીર નાગડાએ પ્રકાશ સમીક્ષાના ગયા અંકમાં જ્ઞાતિને સુંદર અપીલ કરી છે. તેમની ભાવનાની હું કદર કરૂં છું.

છેલ્લે એમણે લખ્યું હતું કે આપણે સહુને સાથે મળીને 'સંવાદ' રચી સમાજને વિકાસના મારગે લઇ જવાનો છે. સમગ્ર સમાજ એક થઇને મતભેદો ભુલી જાય.

બીપીનભાઇ, સમસ્ત દુનિયામાં અને દરેક જ્ઞાતિમાં આ જ સમસ્યા રહેલી છે જેને કોઇ પણ માઇનો લાલ બદલી શક્યો નથી.

મહાન ચીની વિચારક કોન્ફ્યુશિયસ પણ આ જ સમસ્યા થી ઝઝુમતા હતા. એમના એક શિષ્યે એમને પુછ્યું હતું કે ''આપણે પશુ પંખીઓની ભાષા સમજી શકીએ તો આપણને એટલે કે માનવજાતને કેટલું ઉપયોગી થઇ પડે, નહીં ?''

મહાત્મા કોન્ફ્યુશિયસે જવાબ આપ્યો ''આપણે માણસોની અને ખાસ કરીને આપણી સાથે રહેતા માનવોની, આપણા સાથીઓની ભાષા સમજીએ તો તે વધારે ઉપયોગી થઇ પડશે.''

આપણે સહુ પોતપોતાની વાત અને વિચારોમાં એટલા ખોવાયેલા રહીએ છીએ કે મોટા ભાગે તો આપણે બીજાનું બોલેલું સાંભળવાની કે સમજવાની દરકાર રાખતા નથી.

માણસ માણસની વાત સમજવા માંડે તો દુનિયાની ઘણીખરી સમસ્યાઓનો ઉકેલ આપોઆપ આવી જાય અને સમસ્યાઓ સરળ બની જાય.

સમાજને શાંત અને વ્યવસ્થિત બનાવવા માટે સૌથી પહેલા તો એવો શબ્દકોશ બનાવવો જોઇએ કે જેનો સહુ કોઇ સ્વીકાર કરે અને જેનાં દરેક શબ્દના સ્પષ્ટ અને ચોક્કસ અર્થ નક્કી કરવામાં આવ્યા હોય.

એકનું બોલ્યું બીજો તેના મૂળ અર્થમાં સમજે તો ગેરસમજથી થતાં ઝઘડાઓ મટી જાય. ઝઘડા મટી જાય તો જૂથબાજી, અથડામણ અને સંઘર્ષનું ઓટોમેટિક નિવારણ થાય. સમાજમાં સર્વત્ર અને સદાકાળ શાંતિ છવાયેલી રહે.

ત્યારેજ આપણે આપણા યુવાનો માટે એક સંગઠિત, પ્રેમાળ અને સુશિક્ષિત સમાજ અર્પણ કરી શકીશું.

**- પ્રવીણ લોડાયા, વડોદરા - 9725015107**

## શ્રી અનંત આરોગ્ય નિધિ - દેવલાલી મધે બે પરિવારે સ્વદ્રવ્યે નિર્માણ કરેલું શ્રી વિમલ ગુણોદય મુક્તિ જય આશિષે શ્રી નવલ સદ્‌ગુણા નવગ્રહ ધ્યાનાલય (દેરાસર) તા. ૨૩-૧-૨૦૧૯ના જ્ઞાતિને સમર્પિત

દિવ્યાતિ દિવ્ય-ભવ્યાતિ ભવ્ય સપ્તાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવ **તા. ૧૮-૧-૨૦૧૯ થી તા. ૨૪-૧-૨૦૧૯** ખૂબજ ધામધૂમ અને અતિ આનંદ - ઉલ્હાસ સાથે નિર્વિઘ્ને પરિપૂર્ણ થયો. **માતુશ્રી નવલબાઇ વીરચંદ વાલજી મોમાયા પરિવાર** અને **માતુશ્રી સદ્‌ગુણાબેન મુલચંદ હીરજી પટેલ પરિવાર**ના અથાગ અને અતૂટ પ્રયત્નો અને **પ.પૂ. જયદર્શિતાજી મ.સા.** અને **પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.**નું પ્રેરણાસ્તોત્ર - સચોટ માર્ગદર્શન. ફક્ત ૧૭ મહિનામાં ધ્યાનાલયની પ્રતિષ્ઠા સુધીની પુરેપૂરી જવાબદારી અત્યંત નિષ્ઠાપૂર્વક અને સમયબધ્ધ આયોજન કરી એક અવિસ્મરણીય અને અલૌકિક સિધ્ધ કરી પોતાની કાર્યદક્ષાતાનો પૂરેપૂરો પરિચય આપેલ છે.

દેવલાલી મધે શ્રી ચતુર્વિદ સંઘ સાથે એટલે કે આગમ અભ્યાસી **પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.**, અનંતનાથ ગાદિપતિ યતિવર્ય **શ્રી મોતીસાગરસૂરિશ્વરજી મ.સા.** શાસન પ્રભાવિકા **પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા., પ.પૂ. હિમાંશુશ્રીજી મ.સા.** અને અન્ય સાધુ-સાધ્વી તથા બહોળી સંખ્યામાં શ્રમણ-શ્રમણીવંદની પાવન નિશ્રામાં ભાવવિભોર થઇ ખૂબજ ઉમળકાભેર પ્રસંગને દિપાવ્યો.

દિર્ઘદ્રષ્ટિ અને દૂરંદેશીના સમગ્ર વિચાર સાથે અનંત આરોગ્ય નિધિ સંકુલે ખૂબજ સુવ્યવસ્થિત, ભવ્ય મંડપ જે ''**કંપિલપુરી નગરી**'' જ્યાં સર્વે ધ્યાનાલયના વિધિ વિધાન-પૂજન આદિ વિના કોઇ અડચણ અને ''**ભરતચક્રવર્તિ-ભોજન ખંડ**'' માટે પણ વિશાળ મંડપ જ્યાં સાતે દિવસ પધારેલા મહેમાનો શ્રાવક-શ્રાવિકા ઇત્યાદિ એ મનભાવતાં ભોજનનો રસાસ્વાદ, વિના કોઇ તકલીફ કે સકંડામણ વગર માણ્યો. ''**કંપિલપુરી નગરી**'' અને ''**ભરતચક્રવર્તિ ભોજન ખંડ**''ના લાભાર્થી પરિવાર **માતુશ્રી સોનલબેન રાયચંદ હંસરાજ ધરમશી** (સુથરી-વરલી)એ આવી સોનેરી તક ઝડપી પોતાની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવી એક ઉત્કૃષ્ટ લાભ લીધેલ.

**ધ્યાનાલયની પ્રતિષ્ઠાનો શુભ આરંભ** પોષ સુદ તેરસ, **શુક્રવાર તા. ૧૮-૧-૨૦૧૯**ના ગુરૂભગવંતના સામૈયાથી શરૂઆત કરી, પાટલા પૂજન, પ્રભુજીને પોંખવાનું તેમજ પાર્શ્વનાથ પંચકલ્યાણ પૂજા અને આંગી તેમજ ભાવનાથી થયેલ. દાદાનો દર્શનિય ડાયજો જે સંપૂર્ણ કલાકારીગરીથી અત્યંત ધ્યાનાર્શક રીતે ગોઠવી, વિવિધ દાતા પરિવારોએ આપેલ યોગદાનને આકર્ષણરૂપ બનાવ્યું હતું. સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિનો લાભ **માતુશ્રી રતનબેન પદમશી ખોના**, જખૌ-સાયન તરફથી લિધેલ.

**દ્વિતિય દિવસ : તા. ૧૯-૧-૨૦૧૯** કુંભ સ્થાપના, શ્રી જ્વારા રોપણ, શ્રી અખંડ દિપક સ્થાપના, ક્ષેત્રપાલ પૂજન, માણેક સ્તંભ રોપણ, તોરણ બંધન, વેદિકા પૂજન, લઘુ નંદાવ્રત પૂજન તથા બપોરે પ્રતિષ્ઠા શક્તિ ઉજારક મંત્ર સાધના અને રાત્રી ભાવનામાં ધાર્મિક સ્તવન હાઉસી ખૂબજ આનંદપૂર્વક રમાડવામાં આવી.

**ત્રિતિય દિવસ : તા. ૨૦-૧-૨૦૧૯**ની શરૂઆત જ જાજરમાન અને અભૂતપૂર્વ રથ યાત્રા. જેમાં ૧૧ સુશોભિત બગીઓ અને વાજિંત્રના સથવારે ઘરચોળામાં શોભતી શ્રાવિકાઓ અને દેશ-દેશાવરથી પધારેલાં મહેમાનોની વિશાળ હાજરીથી શોભતી રથયાત્રા અવિસ્મરણિય રહી. બપોરના નવગ્રહ પૂજન જેમાં ૫૦ પરિવારોએ લાભ લીધેલ. રાત્રે અધિષ્ઠાયિકા દેવી શ્રી મહાકાલી માતાજીની ભાવના **શ્રી નરેન્દ્રભાઇ નંદુ**ના સથવારે અહલાદક રહી. સંપૂર્ણ દિવસની સાધર્મિક ભક્તિ **અ.સૌ. રશ્મિબેન પ્રતાપ લોડાયા**, તેરા-મુલુંડ તરફથી હતી.

**ચતુર્થ દિવસ : તા. ૨૧-૨-૨૦૧૯** શ્રી સિધ્ધચક્રની આરાધનાથી શરૂઆત અને બપોરે વિજય મૂહૂર્તે મુલનાયક શ્રી વિમલનાથ દાદાનું મહાપૂજન **માતુશ્રી નવલબાઇ વિરચંદ વાલજી મોમાયા** અને **માતુશ્રી સદ્‌ગુણાબેન મુલચંદ હીરજી લોડાયા પરિવાર** તરફથી હતું. તેજ રાત્રે ૧૮ દેશના ભૂપાલ કુમારપાળ રાજાની મહાઆરતીનું ઉત્કૃષ્ટ આયોજન જેના માટે હંમેશા વખણાયેલા છે એવા **શ્રી નરેન્દ્રભાઇ નંદુ** તથા **ચિ. જય નંદુ** એ પોતાની આગવી એકાંકી કળાથી

પધારેલ ભક્તજનોને સંપૂર્ણ ભાવવિહોર કરી દિધેલ.

**પંચમ દિવસ :** તા. ૨૨-૧-૨૦૧૯ શ્રી અઢાર અભિષેક શ્રી સંઘ તરફથી હતા. સંપૂર્ણ જિનાલયને વિવિધ નયનરમ્ય મહેકતાં ફૂલોથી શણગારી વાતાવરણને ખૂબજ મહેકાવી દિધેલ અને જાણે સ્વર્ગ અહીંયા જ ઉતર્યું છે એવા ભાવ હર એકના દિલમાં પ્રગટ્યા હતા.

**ષષ્ઠિ દિવસ :** તા. ૨૩-૧-૨૦૧૯ જે દિવસની કેટલાય સમયથી ઉત્કઠાંપૂર્વક વાટ જોવાઇ રહી હતી એ મંગલમય પવિત્ર દિવસ પાવન પ્રતિષ્ઠા. પુણ્યાંહ પુણ્યાહં અને પ્રિયંતામ પ્રિયંતામ ના ગગનભેદી નાદ સાથે ધ્વજારોહણ - કળશ પ્રતિષ્ઠાના પૂણ્યંવતા લાભાર્થી પરિવાર જેઓએ અત્યંત ઉમંગથી ચડાવાનો લાભ લીધેલ તેમજ સ્વદ્રવ્ય નિર્મિત જિનાલયના દાતા પરિવારોએ ખૂબજ આદર અને બહુ માનપૂર્વક નવ ભગવાનની પ્રતિષ્ઠા કરેલ. સમગ્ર દિવસની સાધર્મિક ભક્તિ, જિનાલયના નિર્માણ દાતાશ્રી પરિવાર તરફથી હતી. જિનાલય દાતાશ્રીઓ તરફથી શ્રી અનંત આરોગ્ય નિધિ - ટ્રસ્ટ ને સમર્પિત ચાંદિના તાળા-ચાવીથી તેમજ દાતા પરિવાર તરફથી ટ્રસ્ટીઓનું બહુમાન..

**સપ્તમ દિવસ :** તા. ૨૪-૧-૨૦૧૯ વહેલી સવારના બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાની હાજરીમાં નૂતન દિવસે દ્વાર ઉદ્‌ઘાટન વિધિ તેમજ સત્તરભેદી પૂજાનું આયોજન.

સાતે દિવસ **શ્રી નરેન્દ્રભાઇ નંદુ** અને એમની પાર્ટીએ સંગીતના તાલે અને વિવિધ સમયે આપણા જૈન ધર્મના પ્રસંગો પોતાની આગવી શૈલીમાં બહુજ સરસ રીતે રજુ કરેલ.

જ્યારે સાતે-સાત દિવસ સવારના નવકારશીથી સાંજના ચોવિહાર સુધી ઉત્કૃષ્ટ મનભાવતાં ભોજન એકદમ જયણાપૂર્વક ૫ સ્ટાર કેટરર્સે કરાવેલ.

**સંપૂર્ણ પ્રતિષ્ઠાનું આયોજન શ્રી અનંત આરોગ્ય નિધિ ટ્રસ્ટે** કરેલ છે. જેમાં પધારેલા યાત્રિકને રહેવાની સગવડતા, તેમજ પ્રતિષ્ઠાનો લાભ લેનાર વિવિધ દાતાશ્રીઓને એમના હર એક કુટુંબીજનો સાથે સાત દિવસ, રહેવાની સંપૂર્ણ વ્યવસ્થા ખૂબજ દૂરંદેશીપૂર્વક આયોજન કરવામાં આવેલ.

વેલે પાર્કિંગ અને ચપલ બૂટના સ્ટોલ સહીત તેમજ ડૉક્ટરોની કાર્યવંત ટીમ, અને અનેક કાર્યકર્તાઓની રાત દિવસની મહેનતે એક **સફળ પ્રતિષ્ઠા મહોત્સવ** બનાવ્યું.

આ કાર્યક્રમને સફળ બનાવવા, આપ સર્વે જ્ઞાતિજનોની બહોળી હાજરી જ નિમિત છે. બહુજ નાની નાની પાયાની ચીજો પર ધ્યાન રાખીને આયોજન કરેલ, તે છતાં જાણતાં - અજાણતાં અમારા ટ્રસ્ટ વતી કંઇ પણ મનદુઃખ થયું હોય તો હૃદયપૂર્વક **મિચ્છામિ દુક્કડમ્.** અને ખાસ આભાર તો દાતાઓનો જેમણે ઉદાર હાથે પોતાનો ફાળો લખાવી કાર્યક્રમને ઉમદા બનાવવા પ્રયત્ન કર્યા, અને કાર્યક્રમને સફળ બનાવ્યો.

## પધારો... પધારો... પધારો...

**આવું નયન રમ્ય અને અત્યંત આકર્ષિત પ્રભાવશાળી ભગવાનોથી નવગ્રહ જિનાલય હવે આપણા જ સંકુલમાં ઉપલબ્ધ હોવાથી આપના દરેક ધાર્મિક પૂજન કે સામાજિક મેળાવળા માટે એક અદ્‌ભૂત અલૌકિક વિશાળ વિવિધલક્ષી એસી હૉલ જેની ક્ષમતા ૨૦૦ જણને સમાવેશ કરી શકે છે. તેમજ ૧૧૫ જણનો વ્યવસ્થિત રીતે સમાવેશ થઇ શકે એટલી સ્વતંત્ર રૂમો જેનો લાભ સર્વે જ્ઞાતિજનો પોતાના જન્મદિવસ, લગ્ન દિવસ કે કોઇ અલગ મહત્વની તિથિ નિમિત્તે સહેલાઇથી ૨-૩ દિવસના ઉતારા રહેવા સહિત ખૂબજ આનંદથી મુંબઇના વાતાવરણથી અલિપ્ત દેવલાલીમાં વગર પ્રદુષણ અને શાંત તેમજ ઠંડકવાળા વાતાવરણમાં માણી શકશો.વહેલો તે પહેલો ના ધોરણે સંસ્થાનો સંપર્ક કરવો.**

**લિ. અનંત આરોગ્ય નિધી (દેવલાલી) ટ્રસ્ટીગણ સંચાલિત**
**શ્રીમતી માલતીબેન જયંતીલાલ ભવાનજી સૅનેટરીયમ**

# શ્રી વીરજી લધાભાઈ કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ,
# શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ

લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬.
ફોન : ૨૫૧૩૩૧૭૪ / ૨૫૧૦૦૧૫૭
વેબ સાઈટ : www.kdoedu.com

**-: નવા એડમીશન ફોર્મ્સ આપવાની કાર્યવાહી બાબત :-**

શાળા વિભાગ / કોલેજ વિભાગ : અરજીપત્રક ભરવાની છેલ્લી તા. ૧૫ મે ૨૦૧૯;
**નોંધ : તા. ૧૫-૦૫-૨૦૧૯ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.**

**શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુ : તા. ૦૮-૦૬-૨૦૧૯;** સવારે ૧૦.૩૦ વાગેથી
**કોલેજ વિભાગ ઈન્ટરવ્યુ : તા. ૦૯-૦૬-૨૦૧૯;** સવારે ૧૦.૩૦ વાગેથી

૧લી જુન ૨૦૧૯ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે.

વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની તથા અન્ય સવલતો ફ્રી આપવામાં આવે છે.

ચાલુ શૈક્ષણિક વર્ષથી વિદ્યાર્થીગૃહમાં શાળા વિભાગમાં એડમીશન લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓને ઘાટકોપરની નામાંકિત શાળા જેવી કે રીષીગુરૂકુલમાં ઍડમીશન અર્થે સંસ્થાના અધિકારીઓ તરફથી સહાયતા કરવામાં આવશે તે માટે વહેલી તકે વિદ્યાર્થીગૃહના એડમીશન અર્થે અરજી કરવી..

ધોરણ ૧૧ અને ૧૨ ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફ્રી સવલતો પ્રાપ્ય છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાચનાલય, પુસ્તકાલય વિવિધ લાભો બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

ગત વર્ષથી; ધોરણ ૧૧ અને ૧૨ના કોમર્સ, સાયન્સ તથા આર્ટસમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીગૃહમાં જ અન્ય ક્લાસીસમાં ભણાવતા પ્રોફેસરો દ્વારા પ્રાઈવેટ કોચીંગની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

વિદ્યાર્થીગૃમાં ન રહેતા અને ધોરણ ૧૧ અને ૧૨માં અભ્યાસ કરતા જ્ઞાતિના વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ જો વિદ્યાર્થીગૃહમાં ચાલતા પ્રાઈવેટ કોચીંગ ક્લાસીસમાં એડમીશન લેવા ઈચ્છુક હોય તો તેમણે વધુ જાણકારી અર્થે સંસ્થાની ઓફિસમાં સંપર્ક કરવો.

## ઓસવાલોની ઉત્પતિ - ૧૨

**રમેશ મુલજી લોડાયા, ભરૂડિયા-મુલુંડ, મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્‌ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દ્રષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

અગાઉના અંકમાં મુનિશ્રી જ્ઞાનસુંદરજીએ ઓસવાલોની ઉત્પતિની પ્રાચિનતા દર્શાવતા થોડા તર્કો અને પ્રમાણ આપ્યા તે જોયા. તેઓએ આપેલ થોડા વધારે પ્રમાણો આ અંકમાં જોઇએ.

૬) એક સમયે ભગવાન મહાવીરને ઐતિહાસિક પુરૂષ માનવામાં વિદ્વાન સમાજ ખચકાટ અનુભવતો હતો પરંતુ પુરાતત્વજ્ઞાનોની શોધથી ભગવાન મહાવીરને નહિ પરંતુ ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન નેમિનાથને ઐતિહાસિક પુરૂષ સાબિત કરી શકાયા છે. ઓસવાલોની ઉત્પત્તિના વર્તમાન પુરાવા પર્યાપ્ત નથી પરંતુ જેમજેમ શોધખોળો વધતી જશે તેમ તેમ ઓસવાલોની ઉત્પતિની પ્રાચિનતા સિધ્ધ થતી જશે.

૭) ઇતિહાસવેતા કહે છે કે જ્યાં સુધી ઐતિહાસિક પ્રમાણ ન મળે ત્યાં સુધી અમો એ વાત માનવા તૈયાર નથી. આથી કાંઇ વળશે નહિ, જો પ્રમાણ/પુરાવા સિવાય ન માનીએ તો બધી પટ્ટાવલીઓ જુઠી ઠરશે. જંબુસ્વામી-પ્રભવસ્વામી, સંપ્રતિરાજાના ક્યા પુરાવા આપી શકાશે ? કારણ એ કાળનાં કોઇ શિલાલેખો કે ગ્રંથો નથી. વરસોથી ગુરૂમુખે કંઠસ્થ રહેલ અને પાછળથી ગ્રંથસ્થ થયેલ આ હકીકતો ખોટી ન હોઇ શકે.

૮) ભાટ-ભોજકોએ ઓસવાલોની ઉત્પત્તિ સવંત ૨૨૨ની ગણી છે અને તેના સંદર્ભમાં અનેક કવિતો મળે છે. આવું જ એક ગ્રંથાગારમાં પડેલ કવિત નીચે મુજબ છે.

આભા નગરીથી આવ્યો, જગો જગમેં ભાણ,
સાંચલ પરચો જબ દિયો, તવ શીશ ચઢાઇ આણ. -૧
જુગ જિમાઇઓ જુગત સું, દીનો દાન પ્રમાણ,


|| શ્રી આદિનાથાય નમો નમઃ ||

**શ્રી ક.દ.ઓ. સાંચરા જૈન મહાજન ટ્રસ્ટ**

ફોન : ૨૩૪૨ ૨૩૫૧, ૯૩૨૨૬ ૧૧૦૦૫, ૯૩૨૪૦ ૧૧૧૦૫, ૯૮૩૩૧ ૩૧૩૫૯

**પર્યુષણ પર્વ માટે નિમંત્રણ**

પર્યુષણ પર્વની ઉમંગભેર ઉજવણી અર્થે **તા. ૨૬-૮-૨૦૧૯ થી ૪-૯-૨૦૧૯** દરમ્યાન સાંચરા નગરે સર્વે સાંચરાવાસીઓ તેમજ નિયાણી બહેનોને સપરિવાર પધારવા ભાવભર્યું નિમંત્રણ પ્રસ્તુત કરીએ છીએ. વેળાસર રેલ્વે ટિકિટો (૪ માસ પહેલાં) કઢાવી લેશોજી.

**મુંબઇ થી પ્રસ્થાન :** તા. ૨૪મી ઓગસ્ટ શનિવાર, સયાજી નગરી દ્વારા

**ભુજ થી પ્રસ્થાન :** (વળતા પ્રવાસે) શનીવાર, ૭મી સપ્ટેમ્બર ૨૦૧૯



વિસ્તૃત કાર્યક્રમ સમયસર જાહેર કરશું.

**સાંચરા મહાજન સહર્ષ સર્વેને આમંત્રે છે.**



દેશલ સુત જગ દિપતો, જ્યારી દુનિયા માને આણ.-૨
દાન દિયા લખ ગાય, લખપતિ તુરંગ તેજાલા,
સોના સો મણ સાત, સહસ મોતિયન કી માલા. - ૩
જગે જરા લીનો દાન દીયો, જગો સંઘપતિ, ભૂપ,
મિલિયા સેવક સામટાં, પૂરે સકખ અનુપ. - ૪
યતિ-સતિ સાથે ઘણાં, રાજા રાણા વડ ભૂપ,
બોલે ભાટ બીરુદાવલી, ચારણ કવિતા ચૂપ. - ૫
રૂપાનો નહિ પાર, સહસ કરહા કરમાલા,
બીયે બાવીએ ભલ જાગિયો, યો ઓસવાલ ભૂપાલ.- ૬

આ કવિત જાગા શાહની પ્રશસ્તિમાં કહેવાયું છે. જે મુજબ જગો શાહ આભા નગરીનો રહેવાસી હતો તેણે સવંત ૨૨૨માં સંઘ કાઢેલ જેમાં અનેક રાજા, મહારાજા, યતિ-સતી હતા અને એક લાખ ગાય, એક લાખ ઘોડા, સાતસો મણ સોનું, હજાર મોતીની માળા, અપાર ચાંદીનાં દાન આપેલ. આ કવિતની અંતિમ કડી મહત્વપૂર્ણ છે. ''બીયે બાળીએ ભલ જાગિયો, યો ઓસવાલ ભૂપાલ.'' જેનાથી સિધ્ધ થાય છે કે જગોશાહ ઓસવાલ હતો અને સવંત ૨૨૨માં તેણે સંઘ કાઢ્યો. અને તેથી ઓસવાલ જાતિ સવંત ૨૨૨માં હતી. વળી આટલા મોટા દાન પરથી જાણી શકાય છે કે તેની સમૃધ્ધી વિશાળ હતી. કોઇ પણ જ્ઞાતિ આટલી સમૃધ્ધીની ટોંચે તુરત ન પહોંચી શકે. અનેક સેંકડાનાં સમય બાદ જ તે શક્ય છે. તેથી ઓસવાલો સવંત ૨૨૨થી ઘણા વરસો અગાઉ અસ્તિત્વમાં આવા હશે. અને જે ઓસવાલોની ઉત્પતિ વિશત્ ૭૦ વરસે માનવા પ્રેરે છે.

(૮) એક મત અનુસાર ઓસવાલોની ઉત્પતિ ખરતરગચ્છીય આચાર્ય શ્રી જિનદત્તસુરીજી દ્વારા થઇ છે. આ જિનદત્તસૂરિનો સમય વિ. સં. ૧૧૩૨ થી વિ.સં. ૧૨૧૧નો હતો. ઓસવાલોનાં અનેક ગોત્રો વિક્રમની ૧૨મી થી ૧૭મી સદીમાં ખરતરગચ્છીય આચાર્યો દ્વારા થયા અને તેમને ઓસવાલોમાં ભેળવી દીધા. આ સમય દરમ્યાન અનેક ગ્રંથો ખરતરગચ્છીય આચાર્યોએ લખ્યા પરંતુ ઉલ્લેખનીય છે કે કોઇપણ આચાર્યે ઓસવાલો વંશની ઉત્પતિનું શ્રેય લીધું નથી. જો ૧૧મી સદી આસપાસ ઓસવાલોની ઉત્પતિ થઇ હોત તો ઉત્પતિનો ઉલ્લેખ કોઇક ગ્રંથમાં તો અવશ્ય આવત. અગીયારમી સદીના સમયમાં શ્વેતાંબર અને દિગંબરોના પણ અનેક વિદ્વાનો થયા જેમણે અનેક ગ્રંથો લખ્યા પરંતુ કોઇએ ઓસવાલોની ઉત્પતિના સમયનો ઉલ્લેખ કર્યો નથી. આવી પરિસ્થિતિમાં જ્યારે અન્ય ગચ્છમાં ઓસવાલોની ઉત્પતિનો ઉલ્લેખ નથી તો ઉપકેશગચ્છમનાં ગ્રંથોના આધારે ઓસવાલોની ઉત્પતિ


**શ્રીમતી ભારતીબેન હંસકુમાર ખીમજી વર્કીંગ વુમન હોસ્ટેલ**
**Working Women's Hostel**

**સર્વિસ કરતી કન્યાઓને રહેવાની સુવિધા**

કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિની સર્વિસ કરતી કન્યાઓને કન્સેસનલ ફીમાં મુંબઇમાં રહેવા માટે સુવિધા ઉપલબ્ધ છે. તે માટે આપ અરજી કરી શકશો.



**રહેવાસ સુવિધા સ્થળ (હોસ્ટેલ)**
૨૬૩/૬૫, જુનુ અનંતભુવન,
૪ થે માળે,
ભાત બજાર, નરશી નાથા સ્ટ્રીટ,
મુંબઇ - ૪૦૦ ૦૦૯

■ વધુ માહિતી માટે સંપર્ક ■
**શ્રીમતી નૂતનબેન લાલકા**
૯૮૬૯૧૯૩૫૭૦

સંબંધી ઉલ્લેખોને નકારવાનું કોઇ કારણ નથી. વિક્રમની ૧૨મી થી ૧૭મી સદીમાં થયેલી ગોત્ર સંબંધી નોંધો કે વંશાવલીઓમાં જે કે ગોત્રને ઓશવાલ વંશમાં ભેળવવાનો ઉલ્લેખ છે જે દર્શાવે છે કે ઓસવાલવંશ ત્યારે અસ્તિત્વમાં હતો જ.

(૯) કુવલયમાલા ગ્રંથ જે વિ.સં. ૮૩૫માં રચાયો તેમાં ઉલ્લેખ છે કે શિવચંદ્રગણી વિહાર કરતા કરતા ભિન્નમાલ નગરમાં આવી સ્થિર થયા. વિક્રમની ૮મી સદીમાં ભિન્નમાલમાં કુલગુરૂઓની સ્થાપના થઇ ત્યારે ૮૪ ગચ્છનાં આચાર્યો અહિં મળ્યા. વિ.સં. ૮૦૨માં અણહીલપુર પાટણની સ્થાપના થઇ ત્યારે ભિન્નમાલ, ચંદ્રાવતીમાંથી અનેક જૈન શ્રેષ્ઠીઓ આવી વસ્યા તેવો ઉલ્લેખ અનેક ગ્રંથમાં છે. જે દર્શાવે છે વિક્રમની ૮-૯ સદીમાં ભિન્નમાલમાં જૈન ધર્મ સારી રીતે ફેલાયેલો હતો. ભિન્નમાલ અને ઓશીયામાં જૈન ધર્મની સ્થાપના એક જ ગાળામાં થઇ છે તેથી ૮-૯ સદીમાં ઓસવાલોનું અસ્તિત્વ પુરવાર થાય છે.

૧૦) કુવલયમાલા ગ્રંથમાં ઉલ્લેખ છે કે જ્યારે હુણોએ વિક્રમની છઠ્ઠી શતાબ્દીમાં આ તરફ આક્રમણ કર્યું ત્યારે ઉપકેશવંશીય લોકો મરૂભૂમિ ત્યાગ કરી લાટ અને ગુર્જર દેશ તરફ ચાલ્યા ગયા. મુનિ રત્નવિજયજી મહારાજની શોધે ઓશિયાજી મંદિર ખંડેરમાં તુટેલી ચંદ્રપ્રભ સ્વામીની મૂર્તિના પથ્થરનાં ટૂકડા ઉપર મળેલ શિલાલેખમાં વિ.સં. ૬૦૨, આદિત્યનાથ ગોત્ર લખેલુ વાંચી શકાય છે. આ આદિત્યનાથ ગોત્ર ઓસવાલોનું ગોત્ર છે જે ઓસવાલોનું વિક્રમ સવંત ૬૦૦માં હોવાનું પ્રતિત કરે છે.

૧૧) જિનદાસ ગણિએ સં. ૭૩૩માં રચેલી નિશીથચૂર્ણમાં ભિન્નમાલમાં રૂપાનાણાનું ચલણ હતું. વિનિમયનું આ ચલણ ભિન્નમાલની સમૃધ્ધી દર્શક છે એટલે ભિન્નમાલમાં શ્રેષ્ઠીઓ ઉચ્ચ શિખરે હતા ને દર્શાવે છે.

૧૨) ઓશિયા સ્થિત મહાવીર મંદિરના વિ.સં. ૧૦૧૩ના પ્રશસ્તિલેખથી જાણવા મળે છે કે આ મંદિરની સ્થાપના પ્રતિહાર રાજા વત્સરાજના સમયમાં થઇ હતી. પ્રાચીન ગ્રંથો/તામ્રપત્રોના આધારે જાણી શકાય છે કે વત્સરાજ પ્રતિહારનું શાસન વિ.સં. ૮૩૬ પહેલા આ મંદિરનું નિર્માણ થયું હશે. હરીભદ્રસૂરિ વિરચિત ''સમરાઇચ્ચ કહા''ના શ્લોકોમાં ઉલ્લેખ છે કે બ્રાહ્મણો ઉપકેશજ્ઞાતિના ગુરૂ નથી. હરિભદ્રસૂરિનો સમય વિ.સં. ૭૫૭ થી ૮૫૭ વચ્ચેનો છે. એટલે વિક્રમની ૮મી ૯મી સદીમાં ઓસવાલોનું અસ્તિત્વ હતું. ઓસીયા હરીહર મંદિરનાં પ્રાંગણનાં શિલાલેખોમાં


## કચ્છ કોઠારા સ્થાને નમતા મૈશેરી કૂળ રખવાલી માઁ ચામુંડાની ૧૧મી પહેડીએ પધારવા સપ્રેમ નિમંત્રણ

**આત્મીય મૈશેરી કૂળ પરિવારજનો સહ નિયાણી બહેનો**
**જય જય શ્રી ચામુંડા માઁ**

ચામુંડા માઁની અસીમ કૃપાથી અમારા પરિવારને આ વર્ષની **૧૧મી પહેડી પ્રસાદ**નો સંપૂર્ણ લાભ મળતાં ચોટીલાના ડુંગરે મોરલો ટહુંક્યો અને ચોકમાં દિપ પ્રાગટ્ય થયેલ છે.

આ અવસરે આપ સૌ **માઁ ભક્ત પરિવાર** તથા **નિયાણી બહેનો સહકુટુંબ** પહેડી પ્રસંગે પાવન પગલાં પાડી સ્વામિ ભક્તિ કરવાનો લાખેણો લાભ અમને આપી, અમારા આનંદમાં આપ સહભાગી થશો. અમો ચામુંડા માઁ ના ચોકે આપના પોંખણા કરવા ઉત્સુક છીએ.

ગાયક : **ભરતભાઇ વોરા અને સાથી કલાકારો**

**રવિવાર, તા. ૫-૫-૨૦૧૯ • સમય : ૯ થી ૨.૩૦ કલાકે**

**સ્થળ : આઈરીશ હૉલ, ગોપુરમ, જ્ઞાન સરિતા સ્કુલની બાજુમાં, ડૉ. આર.પી. રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.**



**લી. માતુશ્રી નિર્મલાબેન શશિકાંત મૈશેરી પરિવાર**
**હસ્તે : અ.સૌ. શ્રધ્ધા દર્શન મૈશેરી, ચિ. કૃપા, ચિ. દઈની, ચિ. સિધ્ધ**
**કોઠારા સ્થાને નમતા મૈશેરી કૂળ પહેડી કમિટિ.**



**નોંધ : કાળા વસ્ત્રો, ચામડાની કોઈપણ વસ્તુઓ તથા ઘુઘરી પહેરીને આવવું નહીં.**

વિ.સં. ૮૦૩ અને ૮૧૨નો ઉલ્લેખ છે જે ઓસીયાની ૮મી સદીમાં અસ્તિત્વની પુરી કરે છે.

૧૩) પ્રોફેસર દેવેન્દ્ર હાંડા જેઓ પ્રાચિન ભારતીય ઈતિહાસવેતા અને પુરાતત્વજ્ઞ છે તેઓએ નોંધ્યું છે કે ઓસીયાજીના મહાવીર મંદિરના ઉત્તર-પશ્ચિમ વિભાગમાં જ્યારે શ્રી વર્ધમાન જૈન ઉચ્ચ માધ્યમિક વિદ્યાલયના મકાનનું નિર્માણ થયું તે વખતે આ મકાનનો પાયો ખોદતા કેટલીક પ્રાચિન વસ્તુઓ મળી છે જેમાં માટીના કોડિયામાં નાનાં નાનાં ચાંદીના સિક્કા મળ્યા છે જેના ઉપર આરબ ગર્વનર અહમદની છાપ છે. ઈતિહાસકારોના મતે વિક્રમની આઠમી સદી પહેલા આરબોના આક્રમણો થયા તે સમયનાં આ સિક્કાઓ ગણાય. આ ઉપરાંત ઉત્ખનન વખતે માટીના ચાર મોટા વાસણો મળ્યા છે તેમાંથી બે વાસણ પરનાં લેખની લિપિ પુરાતત્વ વિભાગ વિક્રમની બીજી કે ત્રીજી સદીની લેખાવે છે. જે પરથી અનુમાન કરી શકાય કે વિક્રમની આઠમી સદી પહેલા ઓસીયા વિકસિત નગર અને વ્યાપારનું કેન્દ્ર હતું. આ વાસણો શેઠ શ્રી મંગલસિંહ રતનસિંહ દેવની પેઢી ઉપર ઓસીયામાં મોજુદ છે.

૧૪) ડૉ. ભંડારકરના લેખમાં ઉલ્લેખ છે કે ભગવાન મહાવીરના મંદિરના સ્તંભોનું નિરિક્ષણ કરતાં સ્તંભનાં અષ્ટકોણાત્મક ભાગમાં વિક્રમ સવંત ૭૩૩ જોવા મળે છે જે આ મંદિર વિ.સં. ૭૩૩માં હતું તે પ્રસ્થાપિત થાય છે. મંદિરમાં અન્ય લેખ વિ.સં. ૧૦૧૩નો છે. તેથી તે વરસે મંદિરનો જીર્ણોધ્ધાર થયો હશે.

૧૫) મુનસી - દેવીપ્રસાદે એમના પુસ્તક રાજપુતાનાકી ખોજમાં એક શીલાલેખનો ઉલ્લેખ છે જે અટ્ટારૂ ગામમાંથી મળેલ છે જેમાં વિ.સં. ૫૦૮નો ઉલ્લેખ છે તથા ભૈંશાશાહ શ્રેષ્ઠીનો પણ ઉલ્લેખ છે. ભૈંશાશાહ ઓસવંશીય હતા અને વિક્રમનાં પાંચમાં સૈકામાં થયા. જે ઓસવંશની વિક્રમની પાંચમી સદીમાં હયાતી દર્શાવે છે.

૧૬) સૌથી પ્રાચિન પટ્ટાવલી 'હિમવન્ત પટ્ટાવલી' જેને પ્રખર ઈતિહાસવેતા પ. મુનિશ્રી કલ્યાણવિજયજી મહારાજ જેમણે 'વીર નિર્માણ સંવત ઓર જૈન કાલગણના' નામના પ્રબંધમાં સ્થાન આપ્યું છે જે મુજબ ''મથુરા નિવાસી ઓસવંશ શિરોમણી શ્રાવક પોલાકને ગંધહસ્તી વિવરણ સહિત ઉન સર્વ સુત્રોંકો તાડપત્ર આદિમેં લિખવાકર પઠન પાઠન કે લિયે નિગ્રંથોકો અર્પણ કિયા. ઈસ પ્રકાર જૈન શાસનકી ઉન્નતિ કરકે સ્થવિર આર્યસ્કંદિલ વિ.સં. ૨૦૨મેં મથુરા મેં હી અનસન કરકે સ્વર્ગવાસી હુએ''. ઓશવંશ શિરોમણી શબ્દ બતાવે છે કે મથુરામાં આ વંશની સંખ્યા


।। શ્રી ગણેશાય નમઃ ।। ।। શ્રી સચ્ચાઈ માતાજી યે નમઃ ।।

**ખોના કુળગોત્રનાં શ્રી સચ્ચાઈ માતાજીના સ્થાનકે**
**ખોના ફલીયા, નલીયા મધ્યે નમતા ભાવિકો જોગ**

શ્રી સચ્ચાઈ માતાજી સ્થાનકે સમુહ પેડી પ્રસાદ અષાઢ સુદ ૮ (આઠમ) **તા. ૦૯-૦૭-૨૦૧૯ મંગળવાર**ના સવારના ચઢતે પહોરે રાખવામાં આવેલ છે.

પહેડી પ્રસાદનો લાભ લેવા નમતા સૌ ભાવિકો નલીયા, જખૌ, સાંયરા, ગોએરસમા, મંજલ રેલડીયા તથા મોટી ખાવડી ગામનાં પરિવારોએ જરૂરથી લાભ આપવા વિનંતી.

**પધારનાર ભાવિકોએ નીચે લખેલ ભાવિકોનો સંપર્ક કરવા વિનંતી.**
**તો ઉતારાની વ્યવસ્થા કરવામાં સુગમતા રહે.**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | **ચેતન માણેકચંદ્ર ખોના** | ગોરેગાંવ | - | **93244 61894** |
| ૨. | **ફાલ્ગુન લખમશી ખોના** | ભાંડુપ | - | **98206 20499** |
| ૩. | **લીતેશ હીરાચંદ ખોના** | ડોંબિવલી | - | **96194 93472** |
| ૪. | **ચીમનલાલ હીરજી ખોના** | માટુંગા | - | **98210 69255** |
| ૫. | **અમીત જેઠાલાલ ખોના** | ડોંબિવલી | - | **93217 05511** |
| ૬. | **લલીત કુંવરજી ખોના (માતાજીના ભુવા)** | નલીયા | - | **94282 63287** |

ઘણી હતી અને સમૃધ્ધ હતા. જે ઓસવાલોના અસ્તિત્વને બીજી સદી સુધી લઇ જાય છે.

૧૭) પ્રાચિન નોંધ મુજબ 'ઉપકેશપુરમાં શ્રેષ્ઠી ગોત્રીય રાવ જસ્હણદેવે વિ.સં. ૨૦૮માં આચાર્ય રત્નપ્રભસૂરિના ઉપદેશથી મહાવીર મંદિરમાં અઠ્ઠાઇ મહોત્સવ કર્યો. પાર્શ્વનાથ પરંપરામાં કુલ ૬ રત્નપ્રભસૂરિ થયા. રાજકીય વંશોની જેમ જૈન શાસનમાં પણ ૩જી કે ચોથી પેઢીએ ફરી એ નામ પાડવાની પરંપરા હતી. કક્કસૂરિ, યક્ષદેવસુરિ, સિધ્ધસૂરિ, રત્નપ્રભસૂરિ નામો ક્રમાનુસાર ફરી ફરી જોવા મળે છે. ઉપરોક્ત નોંધમાં દર્શાવેલ રત્નપ્રભસૂરિ ઓસવંશ સ્થાપકનું નહિ હોય. અન્ય એક નોંધ મુજબ ''વિ.સં. ૨૧૯ જેઠ સુદ ૭ ઉપકેશ વંશે દુગડ ગોત્ર શાહ દેદા ભારમલે રોહણીગ્રામમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથનું મંદિર બનાવ્યું. પ્રતિષ્ઠા યક્ષદેવસૂરિએ કીધી''. અન્ય નોંધ ''વિ.સં. ૨૦૮ માઘ સુદ ૭ બપ્પનાગ ગોત્રે શા. મહીપાલ ભા. માયાદે પુ. અર્જુનેન શ્રી મહાવીર બિમલ કરપિતં. પ્રતિષ્ઠા રત્નપ્રભસૂરિ''. આ નોંધો ઓસવંશની પ્રાચિનતાને સમર્થન આપે છે.

(૧૮) કલ્પસુત્રકી કલ્પદ્રુમકલિકા ટિકાની સ્થવિરાવલી અધિકારમાં લખ્યું છે કે ''ઉપકેશગચ્છે શ્રી રત્નપ્રભસૂરિઃ યેન ઉસિયાનગરે કોરંટકનગરે ચ સમકાલં પ્રતિષ્ઠાકૃતા રૂપદ્વયકરણેન.'' આ કોરંટકપુરમાં મહાવીર મંદિરમાં સર્વદેવસૂરિએ દેવચન્દ્ર ઉપાધ્યાયનો ચૈત્યવાસ છોડાવી વીહારી બનાવ્યા. સર્વ દેવસૂરિ વિક્રમના પ્રથમ યા બીજા એકામાં થયા. આ ઉપરથી કારંટપુર મંદિર જે ઓસિયા મંદિરનું સમકાલીન છે તે પ્રથમ સદીમાં હતું તેને સમર્થન મળે છે.

૧૯) વિક્રમની પ્રથમ શતાબ્દી પૂર્વે જૈનાચાર્ય કાલિક થયા તેમણે સાધ્વી બહેન સરસ્વતીને ઉજયની સમ્રાટ ગર્દભિલ્લનાં પંજામાંથી છોડાવવા સિંધુરાજ શક વીરોની સહાયતા લીધી. આચાર્ય કાલિકનો ગચ્છ ભવડા નામથી ઓળખાતો જેમાં અનેક ઓસવાલો હતા જેઓ ભવડા ઓસવાલથી ઓળખાતા.

૨૦) વિરાત ૩૭૩ વરસે (વિક્રમ સવંત પહેલા ૧૦૩ વરસે) ઓસીયામાં ભગવાન મહાવીરની મૂર્તિની ગ્રંથી છેદન બનાવ બાદ અશાંતિ થઇ ત્યારે તેને દૂર કરવા આચાર્ય કક્કસૂરિની અધ્યક્ષતામાં બૃહદશાંતિ સ્નાત્ર પૂજા રચાઇ ત્યારે ૧૮ ગોત્રવાળા લોકો સ્નાત્રિય બન્યા આમાં એક ગોત્ર આદિત્યનાગ હતું. આ ગોત્ર ઉપકેશવંશનું છે. જે વિક્રમની શતાબ્દી પહેલાની બીજી સદીમાં ઓસવાલોની અસ્તિત્વની


**શ્રી આદેશ્વરજી મા. જૈન દેરાસર ટ્રસ્ટ**
**શ્રી મંજલ રેલડીયા અચલગચ્છ જૈન સંઘ**

દિનાંક : ૧૩-૧૪ મે
(સોમ-મંગળવાર) ૨૦૧૯
સ્થળ : મંજલ રેલડીયા
પ્રસંગ : ૧૩૭ મો ધજા મહોત્સવ

**મંગલકારી રેલડીયા મંજલ નગરના ભાવિક શ્રાવક-શ્રાવિકાઓ,**
**આનંદો... આનંદો... આનંદો...**

૧૩૭માં ધજા મહોત્સવ પ્રસંગે શ્રી સંઘના અતિ આગ્રહને માન આપી તપચક, ચક્રવર્તી, સુદીર્ઘ બાવનમાં વર્ષીતપ આરાધક અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની મહત્તરા પ.પૂ. મુખ્યા સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા.ના આજ્ઞાકારી શિષ્યા. પ.પૂ. સાધ્વીશ્રી તીર્થપ્રભાશ્રીજી મ.સા. તથા પ.પૂ. સાધ્વીશ્રી ભાવલીનાશ્રીજી મ.સા. ની નિશ્રા પ્રાપ્ત થયેલ છે.

વિ.સ. ૨૦૫૪નાં પર્યુષણ પર્વ દરમ્યાન તેમનાં માર્ગદર્શનનો અનોખો અને અનુપમ લાભ શ્રી રેલડીયા મંજલના સંઘને પ્રાપ્ત થયેલ.

***માદરે વતનને જાણવાની, મંજલના વિકાસને જોવાની તથા કુટુંબ મેળાને માણવાની આવી અનુપમ તક ફરી જલદી નહીં મળે. આપના આગમનની જાણ વહેલી તકે કરશોજી જેથી આપની સગવડાતા કરવામાં સુગમતા રહે.***

સ્વામીવાત્સલ્યનો અલભ્ય લાભ લીજે રે... કાલ કોણે રે દીઠી... સ્વામીવાત્સલ્યના નકરા :- ● નવકારશી રૂા. ૧૧,૦૦૦/-
● બપોરનું ભોજન રૂા. ૨૫,૦૦૦/- ● ચા-સરબત રૂા. ૨,૫૦૦/- ● ચોવિહાર રૂા. ૨૧,૦૦૦/- ● આખા દિવસના રૂા. ૫૧,૦૦૦/-

**મંગલમય કાર્યક્રમની રૂપરેખા**

| તા. ૧૩-૦૫-૨૦૧૯ના | તા. ૧૪-૦૫-૨૦૧૯ના |
|---|---|
| અઢાર અભિષેક પુજન | સત્તર ભેદી પુજન |
| બપોરે ૧૨:૩૯ કલાકે | સવારે ૦૭:૩૦ કલાકે |

**:: ૧૩૭મી ધજાના લાભાર્થી ::**
**માતુશ્રી નેણબાઈ હિરજી લોડાયા પરિવાર**
**માતુશ્રી વાલબાઈ વિશનજી ધરમશી પરિવાર**

**સંપર્ક**

**સોમચંદ ધરમશી - મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭**
**રમેશ ગોસર - મો. : ૭૦૨૧૮ ૧૪૦૫૨**

શ્રી મંજલ રેલડીયા
અચલગચ્છ જૈન સંઘ
(લક્ષ્મીચંદ ગોસર)
પ્રમુખ



શ્રી આદેશ્વરજી મહારાજ
જૈન દેરાસર ટ્રસ્ટ
(હુકમચંદ ધરમશી)
મેનેજીંગ ટ્રસ્ટી

તા.ક. :- હવે બાન્દ્રા (ટ)થી ગાંધીધામની હોલી-ડે સ્પેશિયલ તેમજ મુલુન્ડથી ભુજની વોલ્વો બસ સેવા શરૂ થઈ છે.

પુર્તિ કરે છે.

તમામ ગ્રંથોનો સાર તેમજ અન્ય તર્કોનો સાર ઓસવાલોની ઉત્પતિ વિરાત ૭૦ વરસે થઇ હશે તેવું માનવા પ્રેરે છે. વળી આધુનિક ઇતિહાસવેતા ઓસવાલોની ઉત્પતિ વિક્રમ સવંત ૫૦૦ થી ૧૦૦૦ વચ્ચેનું અનુમાન કરે છે. એમની પાસે પણ પોતાના અનુમાનના કોઇ પ્રમાણ નથી. જો શોધાખોળથી ભવિષ્યમાં આ સમયથી પહેલાના પ્રાચિન સમયનું પ્રમાણ મળી જાય તો તેઓ સ્વીકારવા તૈયાર છે. તેથી તેઓનો મત હાલત નિશ્ચિત નથી.

જુદા જુદા મતોને આધારે ઓસવાલોની ઉત્પતિ કથા જોઇ. તેમાંથી દંતકથા, અતિશયોક્તિ, ચમત્કારો જણાય તેવી હકીકતો, નામ અને સમયના ફરકને બાજુએ મુકી દઇએ તો એટલું તો પ્રમાણભૂત છે કે ભિન્નમાલનાં રાજકુમારે ઓસીયા વસાવ્યું, જૈનાચાર્ય રત્નપ્રભસાગરસૂરિએ ઓસીયામાં ક્ષત્રિયોને પ્રતિબોધીને જૈની બનાવ્યા, આ સમૂહને મહાજનવંશ નામ આપ્યું જે પાછળથી ઓસવંશ થયું.

ઓસવાલોનું જાતિ ગૌરવ વિક્રમ સવંત ૪૦૦ વર્ષ પૂર્વ ઉત્પન્ન થયા કે વિ.સં. ૧૦૦૦ આસપાસ તેમાં નથી. ઓસવાલોનો ગૌરવભર્યો ઉજ્જ્વળ ઇતિહાસ છે. આ જ્ઞાતિમાં સમયસમય પર અનેક વિશિષ્ટ વ્યક્તિઓ થયા જેમણે ભારતનાં, જૈન સમાજનાં, પોતાની જ્ઞાતિનાં ઇતિહાસને નવી રાહ આપી છે. અનેક રાજવીઓના ખાસ કરીને મારવાડ વિભાગમાં સંચાલનમાં ઓસવાલ શ્રેષ્ઠીઓએ પ્રધાન, મંત્રી, સેનાપતિ, કોષાધ્યક્ષ, કોઠારી, દંડનાયક, જેવા વિશિષ્ટ પદો પર રહી દેશ, સમાજ, ધર્મની સેવા કરી છે. અનેક મંદિરો, મૂર્તિઓનાં નિર્માણ કરાવ્યા, ગ્રંથો લખાવ્યા તથા જનહિતનાં કાર્યો કર્યા છે જે ભાવિ પેઢીને પ્રેરણારૂપ છે. ઓસવાલો પાસે ધન – બુધ્ધીની કોઇ કમી નથી, પરંતુ સાચી દિશામાં લઇ જનાર નેતાની ઉણપ રહી છે એવું મહાન આચાર્યોએ નોંધ્યું છે. જે વાત આપણી જ્ઞાતિને પણ લાગુ પડતી હોય તેવું લાગે છે. રાજપૂતોના મધ્યકાલીન ઇતિહાસને ઉજળો ઓશવાલોએ કર્યો છે.


લગ્નસરાની સાડીઓમાં કેડીઓ જ્ઞાતિનું વિશ્વસનીય નામ

**અવસર સારીઝ**

* સાચી/ટિસ્ટેડ કસબ અને જીંક કસબ સાડીઓ, ચણીયા ચોલી.
* રીયલ/ટિસ્ટેડ ઘરચોળા, બોર્ડરો, પાનેતર, બાંધણીઓ તથા ફેન્સીવર્ક સાડીઓ

૧ રૂપલ અપાર્ટમેંટ, દાદાસાહેબ ફાળકે રોડ, સાધના હોટલની સામે,
દાદર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૧૪. ફોન : 022-24164239
સંપર્ક : દિનેશ દેઢિયા - 92234 25676



**શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**

૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૭૭.
ફોન : ૦૨૨ - ૨૫૦૬૩૪૪૯

**કન્યાછાત્રાઓને અભ્યાસાર્થે વિદ્યાર્થીગૃહમાં રહેવાસ વ્યવસ્થા**

● શાળા તથા કોલેજમાં અભ્યાસ કરતી ક.દ.ઓ. છાત્રાઓને છાત્રાલયમાં નિ:શુલ્ક રહેવા તથા ભોજનની સગવડ માટે આપ અરજીપત્રક ભરી શકો છો.

**ફોર્મ પ્રાપ્તિ અને ફોર્મ ભરીને પાછું આપવાનું સ્થળ**

**શ્રીમતી લક્ષ્મીબાઇ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય**
૧૪૨, કૃષ્ણ કિરણ, ગારોડીયા નગર, ઘાટકોપર (પૂર્વ),
મુંબઇ - ૪૦૦ ૦૭૭. ફોન : ૦૨૨ - ૨૫૦૬૩૪૪૯

**નોંધ :**

૧) અરજીપત્રક મેળવવાનો તથા ભરીને પરત આપવાની અંતિમ તારીખ શુક્રવાર, તા. ૩૧.૦૫.૨૦૧૯ રહેશે.
૨) બાદમાં અરજીપત્રક પરત આપનારને લેટ ફી ભર્યા બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે.
૩) ફોર્મ સ્વીકારવાનો સમય છાત્રાલયના કાર્યાલયે બપોરે ૩:૦૦ થી સાંજે ૫:૦૦ દરમ્યાન રહેશે.
૪) છાત્રાઓને ઇન્ટરવ્યુ આપવાની તારીખ રવિવાર, ૧૬.૦૬.૨૦૧૯ના ગૃહમાતાએ આપેલા સમય મુજબ (સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૦૦) દરમ્યાન રહેશે.
૫) નવા એડમીશન લેતી વખતે માતા/પિતાએ છાત્રા સાથે ફરજીયાત હાજર રહેવું પડશે.
૬) જુની છાત્રાઓએ માતા/પિતા અથવા જવાબદાર વાલીઓ સાથે હાજર રહી શકશે.
૭) પરિક્ષાનું પરિણામ મળતા તેની ઝેરોક્ષ કોપી છાત્રાલય શરૂ થતાં છાત્રાલયની ઓફીસમાં જમાં કરાવવાનું રહેશે.



।। સચ્ચાઈ માતાય નમઃ ।। ।। શ્રી શાંતિનાથાય નમો નમઃ ।। ।। શ્રી સખત માતાય નમો નમઃ ।।

# શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ માતાજી ને નમતા ભાવિકો ની સમૂહ પહેડી

**આવ્યો છે શુભ અવસર સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ પરિવાર ના આંગણે, રુમઝૂમ રુમઝૂમ માડી પધારશો મુલુંડ ને પ્રાંગણે...**
**હરખનાં તેડાને હૈયાનો હોકારો આપવા આમંત્રણ સ્વીકારજો, માડીનાં દર્શન કરવા સપરિવાર પધારજો...**

સચ્ચાઈ માતાજી ની સમૂહ પહેડી શુભ દિવસ : ચૈત્ર વદ ૧, તા. ૨૦-૦૪-૨૦૧૯ શનિવાર,
સમય : સાંજે ૦૪:૦૦ વાગ્યા થી કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ (વેસ્ટ)

## સચ્ચાઈમાં ના પહેડીના લાભાર્થી પરિવારો

| | |
|---|---|
| નૈવેદ્ય (પહેડી) જુહારવાનોના લાભાર્થી પરિવાર | : માતુશ્રી હંસાબેન હીરાચંદ પટેલ, બાંઢીયા - ઐરોલી |
| માતાજીની મૂર્તિને તેડી આવવાના લાભાર્થી પરિવાર | : માતુશ્રી રસીલાબેન માણેકજી મેઘજી લોડાયા (સાંધવ - મુલુંડ) |
| માતાજીની છબીને તેડી આવવાના લાભાર્થી પરિવાર | : માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા, બાંઢીયા - ભાંડુપ |
| માતાજીને પોંખવાના લાભાર્થી પરિવાર | : ધુલ્લા પરિવાર સાંધાણ ગામે માતાજીને નમતા ભાવિકો |
| માતાજીની આરતીના લાભાર્થી પરિવાર | { : માતુશ્રી બાંયાબાઇ ગોવિંદજી લોડાયા, મોટી ખાવડી - થાણે<br>માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા, મોટી ખાવડી - ઘાટકોપર |
| માતાજીના થાળના લાભાર્થી પરિવાર | : ૧) શ્રીમતી રશ્મિબેન પ્રતાપ ચાંપશી લોડાયા, તેરા - મુલુંડ |
| માતાજીના થાળના લાભાર્થી પરિવાર | ૨) માતુશ્રી ખેતબાઇ હંસરાજ વિશનજી લોડાયા પરિવાર, આરીખાણા - મુલુંડ |
| દિપ-ધુપ પૂજાના લાભાર્થી પરિવાર | : માતુશ્રી કસ્તુરીબાઇ કેશવજી લોડાયા, આરીખાણા - ડોંબીવલી |
| માતાજીને ફૂલહાર પહેરાવવાના લાભાર્થી પરિવાર | : માતુશ્રી હેમલતાબેન નલિનકાંત પીર, સુથરી - મુલુંડ |
| માતાજીને ચુંદડી ઓઢાડવાના લાભાર્થી પરિવાર | : અ.સૌ. કલ્પનાબેન શામજીભાઇ દંડ, સાંધવ - મુલુંડ |
| પૂજામાં બેસવાના લાભાર્થી પરિવાર | : ૧) માતુશ્રી જયાબેન ભવાનજી લોડાયા, નલિયા - માણાવદર<br>૨) માતુશ્રી હિરાબેન કાનજી વિરમ લોડાયા, સુથરી - માટુંગા<br>૩) માતુશ્રી નિર્મલાબેન નવિનચંદ્ર લોડાયા, સાંધવ - મુલુંડ |
| માતાજીને ચાંદીનો છત્ર ચડાવવા ના લાભાર્થી | : અ.સૌ. ભારતીબેન ભદ્રીચંદ દંડ, છાદુરા - ડોંબીવલી |

## સચ્ચાઈ માતાજીની સમૂહ પહેડીના સહયોગી દાતાઓ

**આરીખાણા**
માતુશ્રી લક્ષ્મીબેન વેલજી લોડાયા, મુલુંડ
માતુશ્રી નવલબેન મુલજી લોડાયા, મુલુંડ

**બાંઢીયા**
શ્રી વિરેન્દ્ર રાઘવજી લોડાયા,અમદાવાદ
શ્રી હીરજી શિવજી લોડાયા,મુલુંડ

**બાયઠ**
માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ દંડ,
હસ્તે કિરણ દંડ, વાશી

**મોટી ખાવડી**
શ્રી ગીરીશ ખીમજી કરમશી શાહ, મુલુંડ
શ્રી શાંતિલાલ શામજી શાહ, મસ્જીદ બંદર
માતુશ્રી ગોમાબાઈ હેમરાજ લોડાયા, ઘાટકોપર,
હ. કિંજલ બ્યુટીપાર્લર
માતુશ્રી શાંતાબેન પાસુભાઈ લોડાયા, મુલુંડ

**મોટી સિંઘોડી**
માતુશ્રી રતનબેન ભવાનજી લોડાયા, ડોંબિવલી

**નલિયા**
શ્રી નરેન્દ્ર દામજી લોડાયા, મુલુંડ
માતુશ્રી લક્ષ્મીબેન ભવાનજી લોડાયા, મુલુંડ

**સાંધવ**
અ.સૌ દમયંતીબેન ચાંપશી લોડાયા, ઘાટકોપર
માતુશ્રી જમકુંબાઇ લાલજી પટેલ, મુલુંડ
માતુશ્રી ધનબાઇ દેવરાજ લોડાયા, મુલુંડ
શ્રી પ્રકાશ માણેકજી લોડાયા, થાણા
શ્રી ભવાનજી રાઘવજી લોડાયા, મુલુંડ
માતુશ્રી લક્ષ્મીબેન મણીલાલ લોડાયા, લોકાપુર
શ્રી પ્રવીણ માણેકજી લોડાયા, થાણા
માતુશ્રી વિમલાબેન ઠાકરશી પટેલ, મુલુંડ
માતુશ્રી નવલબાઇ ભવાનજી દંડ, મુલુંડ

**વારાપધ્ધર**
શ્રી ચંદ્રકાંત હંસરાજ લોડાયા, વાપી
માતુશ્રી પદમાબેન અશોક ભેદા, મુલુંડ

**સુજાપુર**
શ્રી મુલજી પુનશી લોડાયા, ભાંડુપ

**જખૌ**
ખુશ, જશ, અર્પિત સુરેશ લોડાયા, મુલુંડ

**વાંકુ**
શ્રી ભવાનજી દેવશી લોડાયા, મુલુંડ

**નાની ખાવડી**
માતુશ્રી સોનબાઇ સોમચંદ કાનજી લોડાયા,
હ. પ્રફુલ્લભાઇ, અકોલા

**પરજાઉ**
પરજાઉ ગામે દ્દઠા ફરિયામાં નમતા દંડ
પરિવારના ભાવિકો
માતુશ્રી સોનબાઇ દામજી વિકમશી,
હસ્તે હરીશ વિકમશી, અંજાર

**તેરા**
માતુશ્રી પુષ્પબાઈ પદમશી સાયલા, મુલુંડ

**દલતુંગી**
માતુશ્રી સોનબાઈ રાયચંદ લોડાયા, ડોમ્બીવલી
શ્રી નવીન ધનજી વેલજી લોડાયા, મસ્જિદબંદર

**ગોરખડી**
માતુશ્રી ચંપાબાઈ રાયચંદ લોડાયા
હ. નરેન્દ્ર, ઇન્ડોનેશિયા

**કોઠારા**
માતુશ્રી કસ્તુરીબાઈ રાયચંદ શાહ, વાશી
માતુશ્રી પ્રેમાબાઈ લાલજી લોડાયા, મુલુંડ
માતુશ્રી કાંતાબેન ગોવિંદજી લોડાયા (અજાણી),
ઘાટકોપર
શ્રી રતિલાલ ધનજી લોડાયા-અજાણી,ઘાટકોપર
માતુશ્રી કલ્પનાબેન શાંતિલાલ લોડાયા પરિવાર,
વાપી
માતુશ્રી ઝમકુબાઈ મુલજી લાપસીયા પરિવાર,
મુલુંડ

**ભરૂડીયા**
માતુશ્રી પ્રભાવતી મુલજી લોડાયા

**મંઝલ રેલડીયા**
માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા, ડોંબીવલી

## શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઈ માતાજી ને નમતા ભાવિકો ની સમૂહ પહેડી

**રાપર ગઢવારી**
માતુશ્રી મણીબાઈ નરશી લોડાયા
હસ્તે લહેરચંદ ડોંબીવલી
શ્રી વિરચંદ નરશી લોડાયા, મુલુંડ
માતુશ્રી પ્રેમાબાઈ મેઘજી હીરજી લોડાયા, ડોંબીવલી
અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા, ભાંડુપ
માતુશ્રી વેલબાઈ લઘુભાઈ લોડાયા, ઘાટકોપર
શ્રી લલિત ટોકરશી લોડાયા, હૈદરાબાદ
શ્રી ખીયરાજ મુલજી લોડાયા પરિવાર, અહમદનગર, પુણે

**સાંયરા**
શ્રી મધુકર જવેરચંદ લોડાયા, માટુંગા
માતુશ્રી મુરબાઈ ઝવેરચંદ લોડાયા, રાયપુર
માતુશ્રી જયાબેન શાંતિલાલ લોડાયા, મુલુંડ
માતુશ્રી પ્રેમીલાબેન પદમશી લોડાયા, વાશી
માતુશ્રી ધનબાઈ શિવજી લોડાયા
હ. હંસકુમાર, ઘાટકોપર
માતુશ્રી વાલબાઈ દામજી નરશી ધ્રોળ પરિવાર, ડોંબિવલી

**સુથરી**
શ્રી મયુર ખીમજી પીર, મુલુંડ
માતુશ્રી હેમલતા પ્રતાપ લોડાયા, મુલુંડ
શ્રી મહેશ લક્ષ્મીચંદ લોડાયા, મુલુંડ
શ્રી મુલજી ટોકરશી ધુલ્લા, વાશી
હેફા પરિવાર, મુંબઈ
માતુશ્રી ચંપાબેન રાયચંદ સાયલા,
હસ્તે નિતીન સાયલા, ડોંબીવલી

**વરાડિયા**
માતુશ્રી સોનબાઈ લાલજી લોડાયા, ડોમ્બીવલી

**સાંધાણ**
માતુશ્રી દેવકાબાઈ શામજી લોડાયા
હ. ઉત્તમ તથા રાયચંદ, કલવા

**શ્રી સચ્ચાઈ માં અને શ્રી સખત માં ના બધા સ્થાનના – શ્રી ભુઆબાપા તથા શ્રી ભોઈમાને પહેડીમાં પધારવા આમંત્રણ**

**મ્યુઝિકલ ઈવેન્ટ શ્રી મિલન લોડાયા 'દખારો ગ્રુપ' દ્વારા**
**નોંધ : સહયોગી દાતાશ્રી (૧૧,૦૦૦/-) બનવા માટે આપના પરિવારનું નામ લખાવવા સંપર્ક કરવા વિનંતી.**
**સંપર્ક : શ્રી વિરેન્દ્ર લોડાયા – 098210 73830, શ્રી સંદીપ લોડાયા – 09867167387**

## શ્રી સમસ્ત ક. દ. ઓ સચ્ચાઈ માતાજી ની સમૂહ પહેડી આયોજક સમિતિ

પ્રમુખ : **શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા** (આરીખાણા – મુલુંડ)
ઉપપ્રમુખ : **શ્રી ગોવિંદજી લાલજી પટેલ** (સાંધવ – મુલુંડ) **શ્રી વિરચંદ નરશી લોડાયા** (રાપર – મુલુંડ)
માનદમંત્રી : **શ્રી વિપુલ ઠાકરશી પટેલ** (સાંધવ – મુલુંડ) **શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા** (નલિયા – મુલુંડ)
ખજાનચી : **શ્રી સંદીપ નવિનચંદ્ર લોડાયા** (સાંધવ – મુલુંડ) **શ્રી રમેશ મુરજી લોડાયા** (ભરૂડીયા – મુલુંડ)

## શ્રી પ્રફુલ જોષી લિખિત, 'ગુંજન' (નિબંધ સંગ્રહ) તથા સૌમ્યાનિલ (કાવ્યસંગ્રહ)નું વિમોચન






૧૦-૩-૨૦૧૯ના ઘાટકોપર ખાતે આયોજીત સમારંભમાં શ્રી પ્રફુલ જોષી (ડોંબીવલી) લિખિત તથા શ્રી નવભારત સાહિત્ય મંદિર પ્રકાશિત પુસ્તકોનું સુપ્રસિદ્ધ નાટ્ય લેખક શ્રી પ્રવિણભાઈ સોલંકીની વરદ્ હસ્તે થયું. સમારંભના પ્રમુખસ્થાને ગૌસેવક શ્રી મનજીભાઈ ભાનુશાલી તથા અતિથિ વિશેષ તરીકે પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી હિરાચંદભાઈ દંડ, શિક્ષણ જ્યોતના તંત્રી શ્રી રશ્મિકાંત ગોર, ભાનુ સમાજના તંત્રી શ્રી વલ્લભદાસ ભદ્રા, વાગડ સંદેશના તંત્રી શ્રી જગશીભાઈ દેઢિયા, ઓધવ સાગરના તંત્રી શ્રી હેમરાજભાઈ ખાનીયા તથા પારસમણીના તંત્રી શ્રી જયંતીભાઈ શાહ ઉપસ્થિત હતા. સમારંભમાં અનેક સંસ્થાઓના પદાધિકારીઓ, આમંત્રિત મહેમાનો, શ્રી મુકેશભાઈ લોડાયા, શ્રી દિનેશભાઈ મૈશેરી તથા સગાં સ્નેહી મિત્રો ઉપસ્થિત હતા. શ્રી હીરાચંદભાઈ દંડએ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું. સમારંભનું સંચાલન શ્રી શાંતિલાલ નાકરે કર્યું.

## 'પ્રકાશ સમિક્ષા'ના વોટ્સએપ દૈનિક પ્રકાશનમાં જોડાઈ જવા વિનંતી

અગાઉ વખતોવખત જાહેર કર્યું છે તેમ ૨૦૧૮ થી પ્રકાશ-સમીક્ષાએ પ્રાયોગિક સ્તરે તેની ઓનલાઇન આવૃતિનો પ્રારંભ કર્યો. આ વોટ્સએપ દૈનિકમાં કોઇ વિવાદાસ્પદ કે ચર્ચાત્મક પ્રશ્નો લેવામાં આવતા નથી અને અત્યારસુધી તેમાં કોઇ પણ દિવસે વિક્ષેપ વગર તેના એડમીનીસ્ટ શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા (ચેન્નાઇ), (ભૂતપૂર્વ ઇન્કમટેક્ષ કમીશ્નર) દ્વારા જ્ઞાતિની યુવા અને અન્ય પ્રતિભાઓ, તેમની સિધ્ધિઓ અને ઉપલબ્ધિઓ સહિતની કેવળ સકારાત્મક અને પ્રેરક માહિતી દરરોજ વોટ્સએપ પર અપાઇ રહી છે, આમાં આપ પણ જોડાઇને જ્ઞાતિને લગતા સમાચારો દરરોજ જાણી શકો છે. **સંપર્ક : શ્રી તિલકભાઇ કુંવરજી લોડાયા – 99406 36646**

# માસિક પુણ્ય તિથિએ શ્રધ્ધાંજલિ



**સ્વ. જેઠાભાઈ લખમશી લોડાયા - નલિયા**

અરિહંત શરણ
૭-૩-૨૦૧૯

**દીકરી તારે માથે બાપનો હાથ હવે નહી ફરશે**
**પૂજ્ય વડીલની છત્ર છાયા ગુમાવી સૂનકાર વ્યાપી ગયો**



**સ્વ. નરેન્દ્ર જીવરાજ મોમાયા**
(નલિયા)

અરિહંત શરણ
૭-૩-૨૦૧૮

હીરા જેવા વ્હાલા વ્હાલા વીરાઓ
પુષ્પનો પમરાટ ફેલાવી
જ્યોતીની જ્યોત જલાવી
લતાની વેલડીએ વિંટાઈ
તમારૂં નામ રોશન કરી
અચાનક વિદાઈ લઈ લીધી



**સ્વ. મયુર જેઠાભાઈ લોડાયા**
(નલિયા)

અરિહંત શરણ
૨૮-૧-૨૦૧૯

**શોકાતુર પરિવાર**

**સૌ. પુષ્પાવંતી હંસરાજ નાગડા**
સૌ. સ્મિતા સતીશ - ચી. પ્રતાપ નાગડા
સૌ. માનસી રાહુલ - ચી. નિમિત્ત નાગડા
તિરૂપુર

સૌ. પ્રીતા પરેશ મોતા
ચી. ભૂમિક, ચી. ઋષભ
કોચીન

## કોકિલ કંઠી-કચ્છ મંજલ રેલડીયાની પ્રજ્ઞા ચક્ષુ ગાયિકા શ્રીમતી અદિના મહેન્દ્ર ગાલા (ગાલાણી)

૧-૩-૨૦૧૯ને રાત્રે પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવા કુંજ, સુરેન્દ્રનગરના પ્રમુખ નવીનભાઈ મણિયાર દ્વારા નેપીયનસી રોડ, મુંબઇ મધ્યે આયોજીત મેળાવડામાં વિદેશથી ખાસ પધારેલ મૂળ ઓસ્ટ્રીયાની પ્રજ્ઞાચક્ષુ અદિના જેણે મંજલ રેલડીયાના અનંત નિવાસ, મસ્જિદબંદરના મહેન્દ્ર ખીમજી ગાલા (ગાલાણી) જોડે લગ્ન કરેલ છે તેમણે બે રાઉન્ડમાં હિન્દી ગીતો 'સત્યમ શિવમ સુંદરમ' રજનીગંધા ફૂલ તુમ્હારે અને ''જબ પ્યાર કિયા તો ડરના કિયા'' ગીતો રજુ કરેલ. શ્રીમતી અદિનાના પતિ મહેન્દ્રભાઈ ખીમજી ગાલા (ગાલાણી) જેઓએ ૧૧વર્ષની ઉંમરે રોશની ગુમાવેલ. તેમણે એમ.એ. સુધીનો અભ્યાસ કર્યો છે. ઇન્ટરનેટ માધ્યમે અદિના સાથે પરિચય કેળવી લગ્ન ગ્રંથિથી જોડાયા. હાલ તેઓ ઓસ્ટ્રીયામાં રહે છે. મહેન્દ્રભાઇના વડીલ બંધુ મણીકાંતભાઈ ખીમજી ગાલા અનંતનિવાસ, મસ્જિદ બંદરમાં વસવાટ કરે છે.

શ્રીમતી અદિના કચ્છી ભાષા સમજી શકે છે. હિન્દી ઉપરાંત બંગાળી, મલ્યાલમ, મરાઠી ભાષાનાં ગીતો ગાય છે. ઈશ્વરે બક્ષેલ ઇન્દ્રિયોની ઉપેક્ષા ન કરતાં જે મળ્યું છે તેને ઈશ્વરની દેન સમજી ગાયનની કળા વિકસાવેલ છે.

### હોમિયોપેથિક મેડીકલ કેમ્પ

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી કીરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર અને શ્રી અનંત સમર્પણ - ઘાટકોપરના સથવારે નીચે મુજબ હોમિયોપેથીક મેડીકલ કેમ્પ અનંત છાયા, રૂમ નં. ૧૦૪, આર. બી. મહેતા માર્ગ, (૯૦ ફીટ રોડ), ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૭ ખાતે યોજાયેલ છે.

હાડકા તપાસણી માટેનો કેમ્પ શનિવાર, ૨૭-૦૪-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

કિડની, લીવર, સ્કિન, હેર, થાઈરોઇડ તથા અન્ય રોગની તપાસણી માટે શનિવાર, ૨૭-૦૪-૨૦૧૯ના બપોરના ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી તથા રવિવાર, ૨૮-૦૪-૨૦૧૯ના સવારના ૧૦ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા સુધી યોજાયેલ છે. રજીસ્ટ્રેશનના રૂા. ૧૦૦/- ત્યાં આવીને ભરવાના રહેશે.

ઇચ્છુક જ્ઞાતિજનોએ લાભ લેવા સંપર્ક શ્રીમતી શ્વેતા મિતેશ શાહ પાસે મોબાઈલ નંબર : 9619270430 પર રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

## ક.દ.ઓ.ની ઊંચી ઉડાન
## કુમારી ઈરા મેહુલ નાગડા (મેપાણી), મુંબઇ



ઇરાએ પોતાના પિતા શ્રી મેહુલભાઇ (૪૬)ની પ્રેરણાથી ઘરે વ્યાયામ શિક્ષક રાખીને શરૂઆત કરી. તેમણે કે-૧૧ એકેડેમીમાંથી ગયા વર્ષે વ્યાયામનો અભ્યાસ કરી દરેક વેઇટ લિફ્ટીંગ (વજન ઉંચકવાની) સ્પર્ધામાં પોતાની અદ્ભૂત કુદરતી શક્તિનું પ્રદર્શન કર્યું છે.

